**<u>ઘણું જ અગત્યનું / અગ્રિમતા</u>**

ક્રમાંક : ગનવ ૧૦૨૦૦૫-આઈબી.૧૦૪-પર-ગર,

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ,પાણી પૂરવઠા,
અને કલ્પસર વિભાગ.
૯/૪, સચિવાલય, ગાંધીનગર.
તારીખ :- ૬-૧૨-૨૦૦૫

સત્યમેવ જયતે

સુભાષ પટેલ
ખાસ સચિવ (જળસંપત્તિ)

પ્રતિ,
મુખ્ય ઇજનેર (સૌરાષ્ટ્ર) અને અધિક સચિવશ્રી
મુખ્ય ઇજનેર (પંચાયત) અને અધિક સચિવશ્રી
મુખ્ય ઇજનેર (દ.ગુ.) અને અધિક સચિવશ્રી
મુખ્ય ઇજનેર (ગુ.નિ.) અને અધિક સચિવશ્રી
મુખ્ય ઇજનેર (મ.ગુ.) અને અધિક સચિવશ્રી
મુખ્ય ઇજનેર (ઉ.ગુ.) અને અધિક સચિવશ્રી
} નર્મદા ,જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
વહીવટી સંચાલકશ્રી, ગુ.જ.સં.વિ.નિગમ લી., ગાંધીનગર.

વિષય :- એક કરોડથી વધુ રકમના કામોમાં પાયાના લેવલ લેવા તથા ખરાઈની કામગીરી બાબત.

સંદર્ભ :- (૧) સચિવશ્રી (જ.સં.)ના કાર્યાલયની વહીવટી સૂચના નં.૩૩૧૬/૨૦૦૪, તા.૨૦-૭-૨૦૦૪.
(૨) સચિવશ્રી (જ.સં.)ના કાર્યાલયની વહીવટી સૂચના નં.કેડીએન-૨૦૦૪-૪૩૬૫-૭૮-ક.૩, તા.૨૮-૨-૨૦૦૫.
(૩) ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : સચખ-૨૦૦૫-૧૫૦૭-અ, તા.૧૭-૪-૨૦૦૫.

વિભાગમાં ચાલતા નવા બંધોના કામો તથા સુજલામ સુફલામ યોજના અંતર્ગત ચાલતા નદી ક્રોસીંગના સ્ટ્રક્ચરના ફાઉન્ડેશનના લેવલ કા.ઇ. (ગુ.નિ.) અથવા તેમના પ્રતિનિધિની હાજરીમાં લેવા તથા ખરાઇ કરાવવાની વહીવટી સૂચના સંદર્ભ (૧) હેઠળના પત્રથી આપવામાં આવેલ, તે તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે છે.

સદર કામગીરી ક્ષેત્રિય કક્ષાની દૈનિક પ્રકારની કામગીરી હોવાથી ગુજરાત તકેદારી આયોગ દ્વારા સંદર્ભિત પત્ર (૩) થી અપાયેલ સૂચન અન્વયે હવે પછી મુખ્ય ઇજનેર (ગુ.નિ.) અને અધિક સચિવશ્રી અને તેમના હસ્તકના સ્ટાફ દ્વારા વિભાગ હસ્તક ચાલતા કામોમાં ક્ષેત્રિય કક્ષાની દૈનિક પ્રકારની કામગીરી કરવાની રહેશે નહિ. ગુણવત્તા નિયમન તંત્ર દ્વારા ફક્ત નિવારાત્મક તકેદારી (Preventive Vigilance) અંતર્ગત કામોની સ્થળ મુલાકાત લઇ કામોની ગુણવત્તાની ચકાસણીની અને તપાસની કામગીરી કરવાની રહેશે.

સદર ફાઉન્ડેશનના લેવલ્સની ખરાઇ કરવાની કામગીરી લગત વર્તુળ કચેરી દ્વારા તેમના હસ્તકના અન્ય ક્ષેત્રિય અધિકારી દ્વારા થાય તેવી વ્યવસ્થા અંગેના આદેશ અત્રેની જાણ હેઠળ બહાર પાડવા આથી સૂચના આપવામાં આવે છે.

( સુભાષ પટેલ )
ખાસ સચિવ (જ.સં.)

<u>નકલ જયભારત સહ રવાના પ્રતિ :-</u>

- સચિવશ્રી (જ.સં.), નર્મદા, જળસંપત્તિ, પા. પુ. અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારું.